# GUJARAT BILL NO. 23 OF 2019.

## THE GUJARAT IRRIGATION AND DRAINAGE (AMENDMENT) BILL, 2019.

***A BILL***

*further to amend the Gujarat Irrigation and Drainage Act, 2013.*

**સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૨૩ .**

## ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા (સુધારા) વિધેયક, ૨૦૧૯.

*ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા અધિનિયમ, ૨૦૧૩ વધુ સુધારવા બાબત વિધેયક.*

આથી, ભારતના ગણરાજયના સિત્તેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :-

**ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

૧. (૧) આ અધિનિયમ ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા (સુધારા) વિધેયક, ૨૦૧૯ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

**સન ૨૦૧૩નો ગુજરાતનો ૬ઠ્ઠો.**

**સન ૨૦૧૩ના ગુજરાતના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૩૭ બદલવા બાબત.**

૨. ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા અધિનિયમ, ૨૦૧૩ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૩૭ને બદલે, નીચેની કલમ મૂકવી:-

**નહેર વગેરેને નુકસાન કરવા બદલ શિક્ષા.**

"૩૭. (૧) જે કોઇ વ્યકિત, સ્વૈચ્છિક રીતે અથવા યોગ્ય સત્તાધિકાર વિના,-

(૧)  નહેરમાંથી પશુઓને લઇ જાય અથવા પશુઓને નહેરમાં ઉતરાવડાવે તે વ્યકિતને, ત્રણ મહિના સુધીની મુદતની કેદની અથવા દસ હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બંને શિક્ષા થશે;

(૨) કોઇ નહેર અથવા બંધ ઉપર ઢોરને ચરાવડાવે અથવા જાણીબૂજીને અને ઇરાદાપૂર્વક ઢોરને ચરવા દે અથવા એવી કોઈ નહેર અથવા બંધ ઉપર જાણીબૂજીને અને ઇરાદાપૂર્વક ઢોરને દોરડાથી ખીલે બંધાવેલા રાખે અથવા એવી કોઇ નહેર અથવા બંધ પર ઉગતું કોઇ ઘાસ અથવા બીજા ઝાડ-પાન ઉખેડી નાખે અથવા પરવાનગી વિના કોઇ વૃક્ષ, ઝાડવું, ઘાસ અથવા વાડને કોઈ રીતે નુકસાન પહોંચાડે અથવા કઢાવડાવે, કપાવડાવે અથવા અન્યથા તેને નુકસાન પહોંચાવડાવે તે વ્યકિતને, ત્રણ મહિના સુધીની મુદતની કેદની અથવા દસ હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બંને શિક્ષા થશે;

(૩) નહેર અધિકારીએ પરવાનગી આપેલ સમય કરતા વધારે સમય માટે પાણી ખેંચે અથવા પાણી લે  અથવા નહેર મારફત અનધિકૃત રીતે પાણી લે તે વ્યકિતને, ત્રણ મહિના સુધીની મુદતની કેદની અથવા દસ હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બંને શિક્ષા થશે;

(૪) કોઇ સામગ્રીનો અવરોધ મૂકીને પાણીની સપાટી ઊંચી અથવા નીચી લઇ જાય અથવા નહેરને નુક્સાન કર્યા વગર, એન્જિન અથવા અન્ય સાધન મૂકીને અનધિકૃત રીતે પાણી લે તે વ્યકિતને, છ મહિના સુધીની મુદતની કેદની અથવા વીસ હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બંને શિક્ષા થશે;

(૫) નહેરમાં પાણીના પ્રવાહનું નિયમન અથવા નિયંત્રણ કરવાની વ્યવસ્થામાં અડચણ ઊભું કરે અથવા તે માટેની વ્યવસ્થામાં અડચણ ઊભું કરે અથવા સાધનોનો અથવા જળ વ્યવસ્થાપન માટે રચેલા માળખાનો નાશ કરે /તે દૂર કરે તે વ્યકિતને, એક વર્ષ સુધીની મુદતની કેદની અથવા પચાસ હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બંને શિક્ષા થશે;

(૬) નહેરના પાણીને પ્રદૂષિત કરે અથવા પ્રવાહી કચરો અથવા ઘન કચરો છોડે, તો એક વર્ષ સુધીની મુદતની કેદની અથવા પચાસ હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બન્નેની શિક્ષા થશે.

(૨) પેટા-કલમ (૧)ના ખંડ (૪)માં ઉલ્લેખેલી સજા ઉપરાંત, નહેર અધિકારી એન્જિન અથવા પાઈપલાઈન અથવા અનધિકૃત રીતે નહેરનું પાણી ખેંચવા માટે વપરાતા બીજા અન્ય સાધનને જપ્ત કરી શકશે અને આવા સાધનો, નહેર અધિકારીને એક લાખ રૂપિયા સુધીનો દંડ ચૂકવીને પરત લેવામાં આવશે.".

સન ૨૦૧૩ના ગુજરાતના ૬ઠ્ઠા અધિનિયમની કલમ ૩૮ બદલવા બાબત.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૮ને બદલે, નીચેની નવી કલમ મૂકવી:-

નહેરની મજબૂતી જોખમમાં મૂકવા, વગેરે માટે શિક્ષા.

"૩૮. (૧) જે કોઈ વ્યક્તિ, યોગ્ય સત્તાધિકાર વિના,-

(૧) નદીના પાણીનો પ્રવાહ વાળવાના હેતુ માટે કોઈપણ રીતે કોઈ બંધ બાંધે અથવા અવરોધ ઊભો કરે અથવા પૂર-બંધને નુકસાન કરે અથવા એવી કોઈ પ્રવૃત્તિ કરે કે જેથી પૂર-બંધને નુકસાન થાય અથવા એવો કોઈ બંધ અથવા અવરોધ કાઢી નાખવા માટે કાયદેસર રીતે ફરમાવ્યું હોય ત્યારે તેમ કરવાની ના પાડે અથવા તેમ કરવામાં ગફલત કરે તો તેને, દોઢ વર્ષ સુધીની મુદતની કેદની અથવા એક લાખ રૂપિયા સુધીના દંડની અથવા તે બંને શિક્ષા થશે;

(૨) કોઈ નહેરમાં છેદ પાડે અથવા તેને આરપાર કાપે અથવા નહેરમાં છેદ પાડવાનો અથવા તેને આરપાર કાપવાનો પ્રયત્ન કરે અથવા નહેરમાં છેદ પાડીને અથવા તેને આરપાર કાપીને પાઈપ દાખલ કરે અથવા નહેરને અથવા નહેરને આવરી લેતી બાજુને નુકસાન પહોંચાડીને નહેરમાં એન્જિન અને બીજું કોઈ ઉપકરણ મૂકે અથવા નહેરની મજબૂતી અથવા સલામતીને અન્યથા નુકસાન પહોંચાડે, તેનો નાશ કરે અને તેની મજબૂતીને જોખમમાં મૂકે અથવા તેમ કરવાનો પ્રયત્ન કરે તો, તેને બે વર્ષ સુધીની મુદતની કેદની અથવા બે લાખ રૂપિયા સુધીનાના દંડની અથવા તે બંને શિક્ષા થશે;

(૨) પેટા-કલમ (૧)ના ખંડ (૨)માં ઉલ્લેખેલી સજા ઉપરાંત, નહેર અધિકારી, એન્જિન અથવા પાઈપલાઈન અથવા અનધિકૃત રીતે નહેરનું પાણી ખેંચવા માટે

વપરાતા બીજા અન્ય સાધનોને જપ્ત કરી શકશે અને આવા સાધનો, નહેર અધિકારીને એક લાખ રૂપિયા સુધીનો દંડ ચૂકવીને પરત લેવામાં આવશે.".

## ઉદ્દેશો અને કારણો

પાણીની ઉપલભ્યતામાં દિવસે-દિવસે ઘટાડો થઈ રહ્યો છે અને પાણીની જાળવણી કરવી અને બચત કરવી અને ઉપલભ્ય પાણીને કરકસરથી રાખવું તે સમયની જરૂરિયાત છે અન્યથા રાજ્યના કેટલાક વિસ્તારો સિંચાઈ અને ઘરેલુ વપરાશ માટે પૂરતા પાણી વગર રહી જાય તેમ બની શકે છે. માનવજીવનના નિર્વાહ માટે પાણી અનિવાર્ય છે. પાણીનો પુરવઠો પુષ્કળ પ્રમાણમાં જણાય છે પણ તે અમર્યાદિત સ્ત્રોત નથી. ખાસ કરીને, તાજું પીવાલાયક પાણી માનવ અસ્તિત્વ માટે સૌથી જરૂરી છે. જાળવણીના પ્રયત્નો અને કાર્યક્ષમ જળ વિતરણ વગર પાણીનો આ આવશ્યક પુરવઠો ખૂટી શકે છે.

નહેર વ્યવસ્થા જટિલ અને ખુલ્લી છે તે પણ જાણીતી બાબત છે અને આથી, બંધમાંથી છોડવામાં આવતું પાણી, લાંબા સમય પછી છેવાડાના વિસ્તારોમાં પહોંચે છે. સિંચાઈના હેતુઓ માટે વાપરવામાં આવતું પાણી, પાણીના ઉપલબ્ધ જથ્થાના લગભગ ૮૦ થી ૮૫% હોય છે અને નહેરો ખુલ્લી હોવાથી, ઘણીવાર પાણીની ચોરી અથવા તેના અનધિકૃત વપરાશની નિયમિત ઘટનાઓ બનતી રહે છે. એ બાબત જાણીતી છે કે અનૈતિક માણસો, પાણીની ચોરી અથવા પાણીને પ્રદૂષિત કરવા માટે વિવિધ પદ્ધતિઓ ઉપયોગમાં લે છે અને તેમના વિસ્તારોમાંથી પસાર થતી નહેરોને નુકસાન પહોંચાડીને પાણીની ચોરી કરવામાં આવે છે અને તેમની જરૂરિયાત કરતા વધુ પાણીનો ઉપયોગ કરે છે. તેમના દુષ્ટ ઈરાદા માટે નહેરના પાણીને ખેંચવા માટે વિવિધ સાધનો જેવા કે એન્જિન, ઈલેક્ટ્રિક મોટરનો ઉપયોગ કરવામાં આવે છે જેના કારણે એવી સ્થિતિ પરિણમે છે કે પૂરતી માત્રામાં પાણી ઉપલબ્ધ હોવા છતાં, સિંચાઈ અથવા ઘરેલુ હેતુઓ માટે હકદાર વ્યક્તિઓને પાણીનો પુરવઠો પૂરો પાડવું શક્ય નથી.

આથી, પાણીની જાળવણી થાય અને ઉપલભ્ય પાણીની સમાન વહેંચણી થાય તે જરૂરી બને છે. પાણીની ચોરી અથવા પાણીના બગાડને અટકાવવા માટે, ગુજરાત સિંચાઈ અને પાણી નિકાલ વ્યવસ્થા અધિનિયમ, ૨૦૧૩માં જેની અગાઉથી જોગવાઈ કરવામાં આવી છે તે સજા અને દંડમાં વધારો કરવાનું પણ જરૂરી જણાય છે જેથી કરીને અનૈતિક વ્યક્તિઓ પાણીની ચોરી અથવા પાણીના બગાડના તેમના દુષ્ટ કૃત્યોમાં પ્રવૃત્ત રહે નહિ.

તેથી, સજા અને દંડની માત્રામાં વધારાની જોગવાઇ કરવા માટે, સદરહુ અધિનિયમની કલમો ૩૭ અને કલમ ૩૮ સુધારવાનું જરૂરી અને ઈષ્ટ જણાય છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે, ગુજરાત સિંચાઈ અને પાણી નિકાલ વ્યવસ્થા અધિનિયમ, ૨૦૧૩ સુધારવા ધાર્યું છે.

**સૌરભ પટેલ,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેના બાબતોના સંબંધમાં, ધારાકીય સત્તાની સોંપણી માટેની જોગવાઈ કરી છે:-

**કલમ ૧.-** આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

**તારીખ: ૨૨મી જુલાઇ, ૨૦૧૯.** **સૌરભ પટેલ.**

## પુરવણી

### ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા અધિનિયમ, ૨૦૧૩ **(સન ૨૦૧૩ના ગુજરાતના ૬ઠ્ઠા)માંથી ઉતારા**

---

નહેર વગેરેને નુકસાન કરવા બદલ

**૩૭.** જે કોઇ વ્યકિત, સ્વૈચ્છિક રીતે અને યોગ્ય સત્તાધિકાર વિના-

(૧) કોઇપણ નહેરને નુકસાન પહોંચાડે, તેમાં ફેરફાર કરે, તે વિસ્તૃત કરે અથવા તેમાં અવરોધ મૂકે**;**

(૨) કોઇપણ નહેરમાં પૂરા પાડવામાં આવતા પાણીમાં અથવા નહેરમાંથી, નહેરમાં થઇને, નહેરની ઉપરથી કે નીચેથી વહેતાં પાણીમાં નડતર ઊભું કરે અથવા તે વધારે કે ઘટાડે અથવા કોઇ નહેરમાંની પાણીની સપાટી કોઇપણ સાધન દ્વારા ઊંચી અથવા નીચી લઇ જાય;

(૩) જે હેતુઓ માટે કોઇપણ નહેરના પાણીનો સામાન્ય રીતે ઉપયોગ થતો હોય તે હેતુઓ માટે તે ઓછું અનુકૂળ બને એ રીતે તે પાણીને દૂષિત કરે અથવા ગંદું કરે;

(૪) રાજય સેવકના સત્તાધિકારથી ગોઠવેલ કોઇ જમીનનું અથવા સપાટીનું નિશાન અથવા પાણી માપ-યંત્ર (વોટર ગેજ) તોડી નાખે, વિકૃત કરે અથવા તે ખસેડે;

(૫) કોઇપણ નહેરમાં પાણીના પ્રવાહનું નિયંત્રણ કરવા, નિયમન કરવા અથવા તે માપવા માટેનાં કોઇપણ સાધનનો અથવા કોઇપણ સાધનના ભાગનો નાશ કરે, તેની સાથે ચેડાં કરે અથવા તે દૂર કરે;

(૬) આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓથી વિરુદ્ધ, નહેરનાં કામ, કિનારા અથવા કાંસ પૈકીનાં કોઇપણ કામમાં, કિનારામાં અથવા કાંસમાં અથવા તેની બીજી બાજુએ, તેને તેમ કરવાની ના પાડયા પછી પણ પશુઓ અથવા વાહનો લઇ જાય અથવા લઇ જવડાવે;

(૭) કોઇપણ નહેર ઉપર અથવા પૂર-બંધ ઉપર ઢોરને ચરાવડાવે અથવા જાણીબૂજીને અને ઈરાદાપૂર્વક ઢોરને ચરવા દે અથવા આવી કોઇપણ નહેર અથવા બંધ ઉપર ઢોરને દોરડાથી ખીલે બાંધે અથવા બંધાવડાવે અથવા જાણીબૂજીને અને ઈરાદાપૂર્વક ઢોરને દોરડાથી ખીલે બંધાવેલા રાખે અથવા એવી કોઇપણ નહેર અથવા બંધ પર ઉગતું કોઇ ઘાસ અથવા બીજા ઝાડ-પાન ઉખેડી નાખે અથવા એવી નહેર અથવા બંધના રક્ષણ અભિપ્રેત માટે હોય તેવું કોઇ વૃક્ષ, ઝાડવું, ઘાસ અથવા વાડ કાઢી નાખે, કાપી નાખે અથવા કોઇપણ રીતે તેને નુકસાન પહોંચાડે અથવા તે કઢાવે, કપાવે અથવા અન્યથા તેને નુકસાન પહોંચાવડાવે;

(૮) કોઇપણ મરામત, સફાઇ-કામ અથવા કામ કરવામાં મદદ કરવા અથવા મદદ કરવાનું ચાલુ રાખવા માટે તે આવું કરવા કાયદેસર બંધાયેલ હોય ત્યારે, વાજબી કારણ વિના, તેમ કરવામાં બેદરકાર રહે;

(૯) આ અધિનિયમ હેઠળ કરેલા તેના કોઇપણ નિયમનું ઉલ્લંઘન કરે અથવા તેનો ભંગ કરે;

તે વ્યકિતને, જયારે આવું કૃત્ય, ભારતના ફોજદારી અધિનિયમના અર્થ પ્રમાણે બગાડ કરવાનો ગુનો થતો ન હોય ત્યારે, મેજિસ્ટ્રેટ સમક્ષ દોષિત ઠર્યે, એવા દરેક ગુના બદલ, ત્રણ મહિના સુધીની મુદતની કેદની અથવા પાંચ હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બન્ને શિક્ષા થશે. સન ૧૮૬૦નો ૪૫મો.

નહેરની મજબૂતી જોખમાવવા, વગેરે બદલ

**૩૮.** જે કોઇ વ્યકિત, યોગ્ય સત્તાધિકાર વિના-

(૧) કોઇ નહેરમાં છેદ પાડે અથવા તેને આરપાર કાપે અથવા તેમાં છેદ પાડવાનો અથવા તેને આરપાર કાપવાનો અથવા અન્યથા તેને નુકસાન પહોંચાડવાનો, તેનો નાશ કરવાનો અથવા તેની મજબૂતીને જોખમમાં મૂકવાનો પ્રયત્ન કરે;

(૨) કોઇ નહેરમાંનું કોઇ જળદ્વાર ઉઘાડે, બંધ કરે અથવા તેમાં અવરોધ મૂકે અથવા ઉઘાડવાનો, બંધ કરવાનો અથવા તેમાં અવરોધ મૂકવાનો પ્રયત્ન કરે;

(૩) જે નદીના અથવા નહેરના કિનારા ઉપર પૂર-બંધ હોય તે નદીના અથવા નહેરના પાણીનો પ્રવાહ વાળવાના કે અટકાવવાના હેતુ માટે કોઇ ડેમ બાંધે કે અવરોધ મૂકે અથવા એવો કોઇ ડેમ કે અવરોધ કાઢી નાખવા માટે કાયદેસર ફરમાવ્યું હોય ત્યારે તેમ કરવાની ના પાડે અથવા તેમ કરવામાં ગફલત કરે;

તે વ્યકિતને, જયારે આવું કૃત્ય ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના અર્થ હેઠળ બગાડ કરવાનો ગુનો થતો ન હોય, ત્યારે પ્રથમ વર્ગના મેજિસ્ટ્રેટ સમક્ષ દોષિત ઠર્યે, એવા દરેક ગુના બદલ, છ મહિના સુધીની મુદતની કેદની અથવા દસ હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બન્ને શિક્ષા થશે : સન ૧૮૬૦નો ૪૫મો.

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૧૯નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૩.]

ગુજરાત સિંચાઇ અને પાણી નિકાલ વ્યવસ્થા
અધિનિયમ, ૨૦૧૩ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી સૌરભ પટેલ,

ઊર્જા મંત્રીશ્રી.]

(સન ૨૦૧૯ના જુલાઈ મહિનાની ૨૨ મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

## THE GUJARAT IRRIGATION AND DRAINAGE (AMENDMENT) BILL, 2019.

## GUJARAT BILL NO. 23 OF 2019.

***A BILL***

*further to amend the Gujarat Irrigation and Drainage Act, 2013.*

It is hereby enacted in the Seventieth Year of the Republic of India as follows:-

**Short title and commencement.**

**1.** (1) This Act may be called the Gujarat Irrigation and Drainage (Amendment) Act, 2019.

(2) It shall come into force on such date as the State Government may, by notification in the *Official Gazette*, appoint.

**Substitution of section 37 of Guj. 6 of 2013.**

**2.** In the Gujarat Irrigation and Drainage Act, 2013 (hereinafter referred to as "the principal Act"), for section 37, the following section shall be substituted, namely:- **Guj. 6 of 2013.**

**Penalty for damaging canal etc.**

"**37.** (1) Whoever voluntarily or without proper authority,-

(i) passes or causes animals in canal shall be punished with imprisonment for a term which may extend to three months or with fine up to ten thousand rupees or with both;

(ii) causes or knowingly and willfully permits cattle to graze or tethers upon any canal or dam or causes knowingly and willfully permits cattle to tether upon any such canal or dam, or roots up any grass or other vegetation or any way injures or causes to be removed, cut or otherwise injures any tree, bush, grass or hedge without permission shall be punished with imprisonment for a term which may extend to three months or with fine upto ten thousand rupees or with both;

(iii) draws more water or takes water for time which is more than that permitted by the Canal Officer or takes water unauthorized through canal shall be punished with imprisonment for a term which may extend to three months or with fine up to ten thousand rupees or with both;

(iv) by any means raises or lowers the level of water by putting obstruction of any materials or takes water unauthorized by putting an engine or other instrument without damaging canal shall be punished with imprisonment for a term which may extend to six months or with fine upto twenty thousand rupees or with both;

(v) interfere with arrangement of regulating or controlling canal water flow or interfere in arrangement for that or damages/removes apparatus or structures constructed for water management shall be

punished with imprisonment for a term which may extend to one year or with fine up to fifty thousand rupees or with both;

(vi) pollutes the canal water or releases liquid waste or solid waste shall be punished with imprisonment for a term which may extend to one year or with fine upto fifty thousand rupees or with both.

(2) Over and above the punishment as referred to in clause (iv) of sub-section (1), the canal officer may confiscate the engine or pipeline or any other instrument used for drawing canal water unauthorizedly and such instruments shall be returned back by paying penalty up to one lakh rupees to canal officer.”.

**Substitution of section 38 of Guj. 6 of 2013.**

**3.** In the principal Act, for section 38, the following section shall be substituted, namely:-

**Penalty for endangering stability of canal, etc.**

**“38.** (1) Whoever, without proper authority, -

(i) makes any embankment or creates obstruction by any means for the purpose of diverting flow of a river or damages flood-embankment or carryout activity which leads to damage of flood embankment or refuses or neglects to remove any such embankment or obstruction when lawfully required so to do shall be punished with imprisonment for a term which may extend to one and half years or with fine up to one lakh rupees or with both;

(ii) pierces or cuts through canal or attempts to pierce or cut through canal or insert pipe by piercing or cutting canal or put engine or any other instrument in canal by damaging canal or canal lining or otherwise damage, destroy or endanger the stability or safety of canal or attempt to so shall be punished with imprisonment for a term which may extend to two years or with fine up to two lakhs rupees or with both;

(2) Over and above the punishment as referred to in clause (ii) of sub-section (1), the canal officer may confiscate the engine or pipeline or any other instrument used for drawing canal water unauthorizedly and such instruments shall be returned back by paying penalty up to one lakh rupees to canal officer.”.

## STATEMENT OF OBJECTS AND REASONS

The availability of water is getting dwindled day to day and it is need of the hour to conserve and save water and put the available water in an economic manner otherwise it may happen that some areas of the State may go without sufficient water for irrigation and domestic use. Water is necessary for the sustenance of human life. While the supply seems abundant, water is not a limitless resource, particularly the fresh potable water most necessary to human survival. Without conservation efforts and efficient water distribution this vital supply of water may be exhausted.

It is also known that the canal system is complex and open and therefore, the water released from dam reaches the tail end areas after a long time. The water used for the irrigation purposes is about 80 to 85 % of the available quantum of water and as the canals are open, it at times occurs that there are regular incidents of water thefts or unauthorized use. It is well known that unscrupulous persons uses various methods for water thefts or polluting water and the water is stolen by damaging the canals passing through their areas or uses more water than their requirement. Various means like using the engines, electric motors for lifting the canal water are deployed for their evil intentions which results in a situation where even though sufficient quantity of water is available, it is not possible to supply water to the rightful persons for irrigation or domestic purposes.

It is therefore, becomes necessary that water is to be conserved and equitable distribution of available water is to be done. It is also considered necessary that in order to check the water thefts or wastage of water, the punishments and the fine which are already provided in the Gujarat Irrigation and Drainage Act, 2013 are increased to cause deterrence so that unscrupulous persons do not indulge in their evil acts of water thefts or wastage of water.

It is therefore, considered necessary and expedient to amend sections 37 and 38 of the said Act to provide for increase in the quantum of punishment and fine.

The Bill seeks to amend the Gujarat Irrigation and Drainage Act, 2013 to achieve the aforesaid objects.

**SAURABH PATEL,**

**MEMORANDUM REGARDING DELEGATED LEGISLATION**

This Bill provides for delegation of legislative powers in the following respects:--

***Clause 1.***— Sub-clause (2) of this clause empowers the State Government to appoint, by notification in the *Official Gazette*, the date on which the Act shall come into force.

Dated the 22nd July, 2019. **SAURABH PATEL.**

*ANNEXURE*

## EXTRACT FROM THE GUJARAT IRRIGATION AND DRAINAGE ACT, 2013.

**(Guj. 6 of 2013)**

**Penalty for damaging canal, etc.**

**37.** Whoever voluntarily and without proper authority-

(i) damages, alters, enlarges or obstructs any canal;

(ii) interferes with, or increases or diminishes the supply of water in, or the flow of water from, through, over or under any canal, or by any means raises or lowers the level of the water in any canal;

(iii) corrupts or fouls the water of any canal so as to render it less fit for the purposes for which it is ordinarily used;

(iv) destroys, defaces or moves any land or level mark or water gauge fixed by the authority of a public servant;

(v) destroys, tampers with, or removes, any apparatus, or part of any apparatus, for controlling, regulating or measuring the flow of water in any canal;

(vi) passes or causes animals or vehicles to pass, in or across any of the works, banks or channels of a canal contrary to rules made under this Act, after he has been desired to desist therefrom;

(vii) causes or knowingly and wilfully permits cattle to graze upon any canal or flood- embankment, or tethers or causes or knowingly and wilfully permits cattle to be tethered, upon any such canal or embankment, or roots up any grass or other vegetation growing on any such canal or embankment, or removes, cuts or in any way injures, or causes to be removed, cut or otherwise injures any tree, bush, grass or hedge intended for the protection of such canal or embankment;

(viii) neglects, without reasonable cause to assist or to continue to assist in the execution of any repair, clearance or work, when lawfully bound so to do;

(ix) violates any rule made under this Act for breach thereof; shall, when such act shall not amount to the offence of committing mischief within the meaning of the Indian Penal Code, 1860on conviction before a Magistrate, be punished for each of such offences with imprisonment for a term which may extend to three months or with fine which may extend to five thousand rupees or with both.

**XLV of 1860.**

**Penalty for endangering stability of canal, etc.**

**38.** Whoever without proper authority-

(i) pierces or cuts through or attempts to pierce or cut through or otherwise damage, destroy or endanger the stability of any canal;

(ii) opens, shuts or obstructs or attempts to open, shuts or obstructs any sluice in any canal;

(iii) makes any dam or obstruction for the purpose of diverting or opposing the current of a river or canal on the bank whereof there is a flood embankment or refuses or neglects to remove any such dam or obstruction when lawfully required so to do,

shall, when such act shall not amount to the offence of committing mischief within the meaning of the Indian Penal Code, 1860 on conviction before a Magistrate of the First Class, be punished for each of such offences with imprisonment for a term which may extend to six months or with fine which may extend to ten thousand rupees or with both.

**XLV of 1860.**

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 23 OF 2019.**

***A BILL***

*further to amend the Gujarat Irrigation and Drainage Act, 2013.*

**[SHRI SAURABH PATEL,**
**MINISTER FOR ENERGY]**

**(As published in the Gujarat Government Gazette of 22nd July, 2019)**

**D.M.PATEL**
**Secretary,**
**Gujarat Legislative Assembly.**